MARINE NATIONAL PARK JAMNAGAR

# પરવાળાનાં પંથે

વર્ષ-૧, અંક-૧ એપ્રિલ - જુન, ૨૦૧૧




## જામનગરના આંગણે સૌ પ્રથમ વખત યોજાઈ આંતરરાષ્ટ્રીય બર્ડ વોચર્સ કોન્ફરન્સ

ખીજડીયા પક્ષી અભ્યારણ્ય ધુંવાવ, ખીજડીયા અને જાબુંડાની મહેસુલી જમીનમાં ૬૦૫ હેક. માં પથરાયેલી પક્ષીવિદો તથા જૈવિક વિવિધતાના સંરક્ષણ હેતુ ધ્યાને લઈ ગુજરાત સરકારે વર્ષ ૧૯૮૨માં જાહેરનામા પ્રસિધ્ધ કરીને ૬.૦૫ ચો.કિ.મી. વિસ્તારને પક્ષી અભ્યારણ્ય તરીકે જાહેર કર્યુ. રાજ્ય સરકારે આ અભ્યારણ્યના વિકાસ અને પ્રચારાર્થે શ્રેણીબધ્ધ પગલા લીધા છે. મરીન નેશનલ પાર્ક, જામનગર દ્વારા આ અભ્યારણ્યના વિકાસની પ્રશંસનીય કામગીરી થઈ રહી છે. તાજેતરમાં રાજ્ય સરકારે ખીજડીયા પક્ષી અભ્યારણ્યમાં આવતા યાયાવર પક્ષીઓ સહીત તમામ પરિસરતંત્રને રક્ષણ આપવાની કામગીરી હાથ ધરી છે. જામનગરના ટાઉનહોલ ખાતે આ કોન્ફરન્સ રાજયના પ્રવાસનમંત્રીશ્રી જયનારાયણ વ્યાસે ખુલ્લી મુકી હતી. રાજયના વનમંત્રીશ્રી મંગુભાઈ પટેલ, વનરાજયમંત્રીશ્રી કિરીટસિંહ રાણા, પ્રવાસન નિગમના અધ્યક્ષશ્રી કમલેશભાઈ પટેલ, જામનગરના પૂર્વ રાજવી જામસાહેબશ્રી શત્રુસલ્યસિંહજી, ધારાસભ્યશ્રી મેઘજીભાઈ કણજારીયા, શ્રી લાલજીભાઈ સોલંકી, વન વિભાગના અગ્ર સચિવશ્રી ડો. એસ.કે.નંદા, પ્રવાસન સચિવશ્રી, વિપુલ મિત્રા, પ્રવાસન નિગમના મેનેજીંગ







માનનીય મંત્રીશ્રી મંગુભાઈ પટેલ (આદિજાતિ વિકાસ, વન અને પર્યાવરણ મંત્રી, ગુજરાત રાજ્ય), માનનીય મંત્રીશ્રી કિરીટસિંહ રાણા (વન અને પર્યાવરણ મંત્રી, રાજ્યકક્ષા) અને અગ્ર મુખ્ય વનસંરક્ષક તથા ફોરેસ્ટ ફોર્સના વડા શ્રી પ્રદિપ ખન્ના કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

ડીરેકટરશ્રી અનુપ શુકલા, મુખ્ય વન સંરક્ષકશ્રી આર. ડી.કમ્બોજ સાહેબ, મ્યુનિસિપલ કમીશ્નરશ્રી પી.સ્વરૂપ, કલેકટરશ્રી સંદીપકુમાર, નાયબ વન સંરક્ષકશ્રી પી.એચ. સાતા સાહેબ, જામનગરના મેયરશ્રી કનકસિંહ જાડેજા, જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી ડો.પી.બી.વસોયા સહીતના મહાનુભાવો ઉદ્‌ઘાટન સમારંભમાં ઉપસ્થિત રહ્યા હતા. આ સંમેલનમાં લગભગ ૫૦૦ જેટલા પક્ષીવિદો, પક્ષી અવલોકકો, ટુર ઓપરેટર્સ, વિશ્વ વિદ્યાલયમાંથી આવેલ પક્ષી અને પર્યાવરણ સંરક્ષણ સાથે જોડાયેલ સંસ્થાઓ જેવી કે, બી.એન.એચ.એસ., બી.સી.એસ.જી., આર.પી.બી.એસ., ગીર ફાઉન્ડેશન, ડબલ્યુ.ડબલ્યુ.એફ., સંશોધન કર્તાઓ, વિદ્યાર્થીઓ વગેરે ભાગ લીધો હતો. સંમેલનના સ્થળે ગુજરાત રાજ્યના જુદા જુદા પરિસરતંત્ર, રાષ્ટ્રીય ઉદ્યાન અને અભયારણ્યો, ઈકો ટુરીઝમ સ્થળો, પક્ષી જૈવિક વિવિધતા વગેરેનો સમાવેશ કરી સુંદર પ્રદર્શન પણ રાખવામાં આવેલ હતું. આ સંમેલનમાં ભાગ લેનાર તેમજ જાહેર જનતાએ ખુબ જ ઉત્સાહથી ભાગ લીધેલ. આ કામગીરી સુંદર રીતે પાર પાડવા માટે મરીન વિભાગ સમેત વન વિભાગના ૭૦ કર્મચારીઓ તેમજ ગુજરાતના અન્ય જિલ્લાઓ તેમજ જામનગરમાં કાર્યરત પક્ષી અને પર્યાવરણ સંરક્ષણ સાથે જોડાયેલ સંસ્થાઓના અંદાજે ૬૦ પ્રતિનિધિઓ તથા સ્વયંસેવકોએ ભાગ લઈ તેમનો ફાળો આપ્યો હતો.

## મરીન નેશનલ પાર્ક દ્વારા પ્રાકૃતિક શિક્ષણ શિબિર

દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ મરીન નેશનલ પાર્ક, જામનગર દ્વારા મરીન નેશનલ પાર્ક હેઠળની નરારા ટાપુ, પોશીત્રા અને ખીજડીયા પક્ષી અભ્યારણ્ય પ્રાકૃતિક શિક્ષણ શિબિરો યોજાયેલ છે. જેમાં નરારા અને ખીજડીયા પક્ષી અભ્યારણ્યમાં ૧૭/૧૨/૨૦૧૦થી તથા પોશીત્રા મુકામે તા.૨૧/૧૨/૨૦૧૦થી શિક્ષણ શિબિરોનો શુભારંભ થયેલ છે. જેમાં બાળકોને પ્રકૃતિના દર્શન તથા દરિયાઈ જીવસૃષ્ટિ વિશે જ્ઞાન મળશે તથા બાળકોને પ્રાકૃતિક સૌદર્ય નિહાળવાનો આનંદ પ્રાપ્ત થાય છે.

આવી શિક્ષણ શિબિરો બહોળી જૈવિક વિવિધતાના કારણે પ્રકૃતિના વિવિધ પાસાઓ વિશે શીખવાનાં આદર્શ સ્થળ બની



રહેશે. માનવ વસ્તીમાં કુદકે ને ભુસકે થયેલ વધારો, શહેરીકરણ, ઔદ્યોગિકરણ વગેરે વનોનો વિનાશ કર્યો છે, જેના લીધે આજે વન્ય જીવસૃષ્ટિ, પક્ષીઓને તથા દરિયાઈ જીવસૃષ્ટિને નુકશાન થઈ રહ્યું છે. એવામાં બાળકોને આવી શિક્ષણ શિબિરો દ્વારા પ્રકૃતિ તથા જીવસૃષ્ટિ વિશે રસ જગાવો ખુબ જ જરૂરી છે. જેથી તેઓ પ્રકૃતિ વિશે જાગૃત થાય.

આમ, મરીન નેશનલ પાર્ક દ્વારા ચાલતી પ્રાકૃતિક શિક્ષિણ શિબિરો બાળકોમાં પ્રકૃતિ પ્રેમ જગાવે છે. ચાલુ વર્ષે ૮૪ કેમ્પમાં અંદાજીત ૪૫૦૦ જેટલા વિધાર્થીઓ ભાગ લેનાર છે.

## સિવણ વર્ગનો શુભારંભ

મરીન નેશનલ પાર્ક જામનગર દ્વારા કેન્દ્ર પુરસ્કૃત યોજના હેઠળ ખારા બેરાજા ગામે સિવણ વર્ગનું આયોજન કરવામાં આવ્યું. જેમાં દરિયાકાંઠા વિસ્તારમાં બહેનોની માંગણીને ધ્યાને લઈ તેઓને વિના મુલ્યે સિવણ વર્ગ ત્રણ મહિનાના સમયગાળા માટે મંજુર કરવામાં આવેલ છે. જેનાથી આ બહેનોને રોજગારી મળી રહેશે.

આ કાર્યક્રમ મરીન નેશનલ પાર્ક જામનગરના મુખ્ય વન સંરક્ષકશ્રી, આર.ડી.કમ્બોજ સાહેબના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ. જેમાં મરીન નેશનલ પાર્કના નાયબ વન સંરક્ષકશ્રી પી.એચ.સાતા સાહેબ, રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રી જી.એ.સોઢા સાહેબ, સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાના શ્રીમતી નિલમ કમ્બોજ, આઈ.સી.ઝેડ.એમ. પ્રોજેક્ટમાં કાર્યરત સ્ટાફ શ્રી ચેતનભાઈ સોજીત્રા, શ્રીમતી સોનલ મહેતા, જી.ઈ.સી. સ્ટાફ, ઈ.ડી.સી.પ્રમુખ, સભ્ય સચિવ, ગ્રામજનો વગેરે ઉત્સાહપુર્વક ભાગ લીધો.

કાર્યક્રમને શાબ્દીક ઉદ્‌બોધન આપતા શ્રી કમ્બોજ સાહેબ તથા સાતા સાહેબે ગામ લોકોને પર્યાવરણના રક્ષણના કાર્ય તથા ચેરના જંગલોથી સ્થાનિક લોકોને કેટલો લાભ થાય છે. તે બાબતે સમજણ આપી તથા ગામ લોકોને જાગૃત કરવા પ્રયત્ન કર્યા હતા.

વધુમાં સંકલિત દરિયાકાંઠા વિસ્તાર વ્યવસ્થાપન કાર્યક્રમ અંતર્ગત ગામના મુખ્ય રસ્તા, સ્મશાન તથા તળાવની ફરતે ૫૦ મોટા વૃક્ષ ટ્રીગાર્ડ સાથે વાવવામાં આવશે તથા ગામની બહેનોને





સ્વરોજગારી મળી રહે તે માટે દરિયાકાંઠાની નજીક ચેરના સંગાથીની નર્સરી બનાવવામાં આવશે, જેમાં ગામની બહેનોને રોજગારી આપવામાં આવશે. આ ઉપરાંત ગ્રામ વિકાસને ધ્યાને રાખી આઈ.સી.ઝેડ.એમ. પ્રોજેક્ટ અંતર્ગત ગામની જરૂરીયાતને ધ્યાને રાખી અન્ય કામો ટુંક સમયમાં હાથ ધરવામાં આવશે, તેવું બંને સાહેબશ્રી એ જણાવ્યુ હતું.

## દરિયાઈ રાષ્ટ્રીય ઉદ્યાન અને અભયારણ્ય

દરિયાઈ રાષ્ટ્રીય ઉદ્યાન અને અભયારણ્ય કચ્છનાં અખાતની અંદર જામનગર જિલ્લામાં ૨૦° ૧૫' થી ૨૩° ૩૫' ઉત્તર અક્ષાંશ અને ૬૯° થી ૭૦° પૂર્વ રેખાંશ વચ્ચે આવેલ છે. દરિયાઈ રાષ્ટ્રીય ઉદ્યાનનો મોટા ભાગનો વિસ્તાર ભરતી ઓટના વિસ્તાર વચ્ચે આવેલો છે. તેમાં નાના મોટા ૪૨ ટાપુઓ આવેલા છે. જે ટાપુઓ ઉપર ચેર જંગલો અને પરવાળાના ખડકો આવેલા છે. ભરતી ઓટનો આ વિસ્તાર વિશાળ દરિયાઈ જીવસૃષ્ટિથી છવાયેલો છે.




પરવાળાના ખડકો, ખાદ્ય છીપો, માછલાઓ, કરચલાઓ અને અન્ય મહાકાય પ્રાણીઓ ઉપર ત્યાર બાદ મોટા પાયા પર સંશોધન ટાપુ અને આ સંશોધન ચાલુ રહેલ અને ૧૯૮૦ માં ગીરની અંદર વન અને વન્યપ્રાણી સંરક્ષણ અંગેના સેમીનારમાં આ વિસ્તારનું રક્ષણ કરવાનો નિર્ણય લેવાયો. ત્યારબાદ રાજ્ય સરકારે આ વિસ્તારનું રક્ષણ કરવાનું નક્કી કરી ૪૫૭.૯૨ ચો. કિ.મી.નો વિસ્તાર દરિયાઈ અભયારણ્ય તરીકે નોટીફીકેશન નંબર એ.કે.એચ. ૧૪૦-૮૦ ડબલ્યુ.એલ.પી. ૧૦-૭૯, ૧૦૯-૧૦૭૪૮૩-વી ૨ તા.૧૨/૦૮/૧૯૮૦ થી જાહેર કરેલ અને ૧૬૨.૬૯ ચો.કિ.મી. વિસ્તાર દરિયાઈ રાષ્ટ્રીય ઉદ્યાન તરીકે નોટીફીકેશન નંબર એ.કે.એચ. ૧૩૮(૨)-૧૮૨ ડબલ્યુ એલપી ૧૦૮-૧૨૬૮૨-વી ૨ તા.૨૦/૦૭/૧૧૮૨ થી જાહેર કરેલ. જામનગર વર્તુળ હેઠળ આવેલ દરિયાઈ રાષ્ટ્રીય ઉદ્યાન અને અભયારણ્ય, અન્ય વન વિસ્તારો વગેરેનો કુલ વિસ્તાર ૯૩૧.૩૩ ચો.કિ.મી. છે.

આ પ્રકારના દરિયાઈ રાષ્ટ્રીય ઉદ્યાન અને અભયારણ્ય એ સમગ્ર ભારતમાં સૌ પ્રથમ રાષ્ટ્રીય ઉદ્યાન છે. જેના રેકર્ડ અને પુરાવા આધારે જોવા મળે છે કે, ખાડી વિસ્તારમાં આ ટાપુઓ દરિયાઈ અને અન્ય જીવસૃષ્ટિ થી ખુબજ સમૃધ્ધ હતા. આઝાદી પહેલા જુના જામનગરની અંદર મોતી ઉછેર અને મોતી પકવાની કામગીરી ખુબ જ વિકસીત હતી. વડોદરાનાં મહારાજા એ શ્રીલંકાનાં જેમ્સ હોર્નલને સને ૧૯૦૫માં કચ્છનાં અખાતની દરિયાઈ જીવસૃષ્ટિની મોજણી કરવાનું કામ સોપેલ હતું. મિ.હોર્નલે તેઓના ઓખા મંડળ કિનારાના સર્વે રીપોર્ટમાં નોધ્યું છે કે "તેમણે આટલા ટુંકા વિસ્તારમાં આટલી સમૃધ્ધ દરિયાઈ જીવસૃષ્ટિ કયારેય જોઈ નથી."

## દરિયા કાંઠા વિસ્તારના ઈકો ડેવલોપમેન્ટ કમિટિના ગામડામાં સુર્યકુકરની તથા ગોબરગેસ પ્લાન્ટનું વિના મુલ્યે વિતરણ

મરીન નેશનલ પાર્ક, જામનગર દ્વારા સ્થાપવામાં આવેલ ઈકો ડેવલોપમેન્ટ કમિટિ (પર્યાવરણીય વિકાસ સમિતિ) દ્વારા ચાલુ વર્ષે ૧૦૦ થી વધુ સુર્યકુકરનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવેલ.



સુર્યકુકરમાં રસોઈ બનાવવાથી શાકભાજી તથા અનાજમાં રહેલા પોષક તત્વો જળવાઈ રહે છે અને સાથે સાથે ધુમાડાથી આંખ તથા ફેફસાંના રોગોથી બચી શકાય છે.

મરીન નેશનલ પાર્ક દ્વારા સુર્યકુકર અને ગોબરગેસ પ્લાન્ટનું વિતરણ કરવાનો મુખ્ય ઉદ્દેશ એ છે કે દરિયાકાંઠા વિસ્તારના લોકો મોટે ભાગે બળતણ તરીકે ચેરના વૃક્ષોનો ઉપયોગ કરતા, જેના કારણે ચેરના જંગલોનો વિનાશ થવા લાગ્યો. આ પ્રક્રિયાને ઓછી કરવા માટે અને દરિયાકાંઠા વિસ્તારના લોકો પર્યાવરણના લોકોને અનુકુળ સાધનસામગ્રીનો ઉપયોગ કરે તે હેતુથી સુર્યકુકરની તથા ગોબર ગેસની વહેંચણી કરવામાં આવેલ છે.

મુખ્ય ઉદ્દેશ ઉર્જાના વૈકલ્પિક સ્ત્રોતનો ઉપયોગ કરી વનો ઉપર બળતણ માટે તેમની નિર્ભરતા ઓછી થાય, જેથી વનોનો તેમજ ચેરનો લાંબાગાળે ટકાવ વિકાસ થઈ શકે. આમ કરવાથી આંતરરાષ્ટ્રીય સ્તરે બ્રહ્માંડમાં વધી રહેલ ગરમી અને પ્રદુષણનું પ્રમાણ ઓછું થશે.

## સંકલિત દરિયાકાંઠા વિસ્તાર વ્યવસ્થાપન કાર્યક્રમ

એશિયા ઉપખંડમાં ભારત દેશની ત્રણ બાજુએ દરિયો આવેલો છે. જેના કાંઠાની લંબાઈ લગભગ ૭,૫૦૦ કિ.મી. છે. ભારત દેશની પશ્ચિમ બાજુ ગુજરાત રાજય આવેલ છે. જેમાં લગભગ ૧૬૫૦ કિ.મી. જેટલો દરિયા કિનારો આવેલ છે. જેથી ગુજરાત રાજય માટે દરિયાઈ વિસ્તારનું સંરક્ષણ ઘણું જ મહત્વપુર્ણ છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં દરિયાઈ ખારાશ અને પ્રતિકૂળ વાતાવરણના કારણે આ વિસ્તારમાં રહેતા લોકોના સમાજીક અને આર્થિક વિકાસ મંદ છે અને ઉકત તમામ બાબતોની દેખરેખ રાખવા ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગ તથા ભારત સરકારના વન અને પર્યાવરણ મંત્રાલય દ્વારા પર્યાવરણ સંરક્ષણ ધારા, ૧૯૮૬ અને સી.આર.ઝેડ અધિનિયમ-૧૯૯૧ની જોગવાઈઓ મુજબ રક્ષણ પુરુ પાડવામાં આવે છે. પરંતુ આ બંને ધારાઓની સિમિત મર્યાદાઓને કારણે જુલાઈ-૨૦૦૪ માં ભારત સરકારના વન અને પર્યારણ મંત્રાલય દ્વારા ડો. એમ.એસ. સ્વામીનાથનની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરવામાં આવેલ. આ સમિતિ દ્વારા ફેબ્રુઆરી-૨૦૦૫માં સમિતિનો રીપોર્ટ વન અને પર્યાવરણ મંત્રાલયને રજુ કરેલ. જેના મુખ્ય સુચનો મુજબ કેન્દ્રિય સ્તરે દરિયાકાંઠાના વિસ્તારના વ્યવસ્થાપન દ્વારા આ વિસ્તારમાં સ્થાનિક જનસમુદાયના રક્ષણ માટે અનુકૂળ કાયમી વૈજ્ઞાનિક અને સૈધ્ધાંતિક માળખુ રચવાનો અભિપ્રાય રજુ કરવામાં આવ્યો. અને આ માટે કેન્દ્રિય સ્તરે દરિયાઈ વિસ્તારના વ્યવસ્થાપનને સંલગ્ન કેન્દ્રિય સ્તરની સંસ્થા ઉભી કરવાનો પણ અભિપ્રાય રજુ કરવામાં આવ્યો. આ સમિતિના અભિપ્રાયોને ધ્યાને લઈ ભારત સરકાર અને રાજય સરકાર દ્વારા વિશ્વ બેંકની નાણાંકીય સહાયથી "સંકલિત દરિયાકાંઠાના વિસ્તારની વ્યવસ્થાપન યોજના" અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજના પ્રથમ તબકકે ગુજરાત, ઓરિસ્સા અને પશ્ચિમ બંગાળ રાજયમાં અમલમાં મુકવામાં આવેલ છે.



**યોજનાની પ્રાથમિક રૂપરેખા :**

(૧) દરિયાકાંઠાના વિસ્તારની ફળદ્રુપ ખેતી લાયક જમીનને દરિયાઈ વાતાવરણના કારણે ફળદ્રુપતામાં થતો ઘટાડો અટકાવવાના પ્રયાસો હાથ ધરવા.

(૨) આ યોજના દ્વારા રોજગારીની નવી તકોનું સર્જન કરી દરિયાકાંઠાના વિસ્તારમાંથી થતા સ્થળાંતરને અટકાવી પ્રોત્સાહન મળે તેવા પ્રયાસો કરવા.

(૩) આ વિસ્તારની મહિલાઓના સશક્તિકરણ થકી તમામ લોકોના જીવન-ધોરણમાં સુધારો કરવો.

(૪) દરિયાઈ વિસ્તારના સ્થાનિક જન સમુદાયનો સામાજીક અને આર્થિક વિકાસ કરવો.

(૫) કુદરતી તેમજ માનવસર્જિત આફતોની પ્રતિકુળ અસરો ઓછી રહે તેવા પ્રયાસ કરવા.

(૬) દરિયાઈ વિસ્તારના પર્યાવરણ અને પ્રતિકુળ સાધન સામગ્રીઓના ઉપયોગમાં ઘટાડો કરી પર્યાવરણને અનુકૂળ વ્યવસ્થાઓ તરફ જન સમુદાયને દોરવાના પ્રયાસો કરવા.

(૭) કુદરતી આપતિ સામે ટકી રહેવા તથા દરિયાઈ આફતોમાંથી બચવા માટે સ્થાનિક જન સમુદાયને તાલીમ આપવાના પ્રયાસ કરવા.

(૮) દરિયાઈ જીવસૃષ્ટિનું જતન અને સંરક્ષણ કરવું.



**યોજનાના હેતુઓ :**

(૧) સ્થાનિક જન સમુદાયને ચેરના બચાવ, રક્ષણ અને પુન : સ્થાપનની જરૂરીયાત શા માટે છે ? તેની સમજણ આપવી.

(૨) દરિયાકાંઠાના વિસ્તાર અને તેની આજુ બાજુના ટાપુવાળા વિસ્તારમાં ચેરનું વાવેતર થઈ શકે તેવા વિસ્તારની ઓળખ કરી વધુમાં વધુ વાવેતરકરવું.

(૩) દરિયાઈ વિસ્તારમાં સ્થાનિક જન સમુદાય, સરકાર અને આ વિસ્તારના ઔદ્યોગિક સાહસોના સયુંકત પ્રયાસ દ્વારા ચેરનું વાવેતર, તેનો બચાવ, રક્ષણ અને પુનઃ સ્થાપનની કામગીરી કરવી.

(૪) ચેરના વાવેતરમાં સ્થાનિક જન સમુદાયનો ફાળો મહતમ રહે તે રીતે યોજના અમલમાં મુકવી.

(૫) આ યોજનામાં “પરિસરીય વિકાસ સમિતિ” (ઈકો ડેવલોપમેન્ટ કમીટી) દ્વારા વધુમાં વધુ કાર્યો કરાવી દરિયા વિસ્તારના પર્યાવરણના સંરક્ષણ અને વિકાસના કામો કરવા.

(૬) અનુકુળ “પરવાળા” ની પસંદગી કરી દરિયાઈ જીવસૃષ્ટિને અનુકુળ રહે તેમ પુનઃ સ્થાપનની કામગીરી કરાવવી.

(૭) દરિયાઈ જીવસૃષ્ટિનું મહત્વ દર્શાવતા કેન્દ્રો ઉભા કરી પર્યટન સ્થળ વિકસાવવું અને તેના દ્વારા આમ જનતાને માહિતગારકરી દરિયાઈ જીવસૃષ્ટિનું મહત્વ સમજાવવું.

(૮) ગુજરાતની જનતાને દરિયાઈ વિસ્તારની પર્યાવરણીય પરિસ્થિતિના મહત્વ વિશેની માહિતી આપવી તથા તેના પ્રત્યે સંવેદનશીલ બનાવવા અને પર્યટનના વ્યવસાયનો વિકાસ કરવો.



આપના સુચનો તથા અભિપ્રાય માટે સંપર્ક કરો

**મુખ્ય વન સંરક્ષક**

**નાયબ વન સંરક્ષક**

**પરિક્ષેત્ર વન અધિકારી**


દરિયાઈ રાષ્ટ્રિય ઉદ્યાન, નાગનાથ ગેટ પાસે,
વન સંકુલ, જામનગર.
ફોન : (૦૨૮૮) ૨૬૭૯૩૫૭, ફેક્સ : (૦૨૮૮) ૨૭૭૦૧૬૧


Design : PQC, Website : www.pqcindia.com